



# તહેવારી સાર્થકતા અને શુભતા માટે શુભ મુહૂર્તમાં રાખડી બાંધવી જોઈએ

કાળચક્ર
**યજ્ઞાનંદ**

આ વખતે ઓગસ્ટમાં બે ગ્રહણ થાય છે. 12 ઓગસ્ટે પહેલું ‘સૂર્ય ગ્રહણ’ થયું હતું. હવે 28 ઓગસ્ટે ‘ચંદ્ર ગ્રહણ’ થશે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે, વર્ષનું આ છેલ્લું ચંદ્ર ગ્રહણ 28 ઓગસ્ટે સવારે 08:04 મિનિટે શરૂ થશે અને સવારે 11:22 મિનિટ સુધી ચાલશે. આ આંશિક ચંદ્ર ગ્રહણ છે. રક્ષાબંધનના અવસર પર આ ગ્રહણ થવા જઈ રહ્યું છે. આ શ્રાવણ પૂર્ણિમાં તિથિને કારણે તમારા મનમાં કેટલાયે સવાલો થશે કે શું તેનો પ્રભાવ રક્ષાબંધન પર્વ પર તો નહીં પડે ને! આ ગ્રહણ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ થશે એટલે કે આંશિક ચંદ્રગ્રહણ થશે. આ ગ્રહણ દક્ષિણ પશ્ચિમી એશિયામાં દેખાશે. ભારતમાં આ ચંદ્રગ્રહણ અદૃશ્ય હશે તેથી તેનો કોઈ પ્રભાવ રહેશે નહી. તેથી તેનો સૂતક કાળ પણ ભારતમાં માનવામાં આવશે નહી.

ભારતમાં આ ગ્રહણ દશ્યમાન નથી તેથી તેનો કોઈ અશુભ પ્રભાવ કે ગ્રહણ દોષ લાગશે નહી. એટલે તમે કોઈ ડર વગર, હિચકિચાટ કે સંશય (શંકા) વગર તમારા ભાઈના કાંડામાં રાખડી બાંધી શકશો.

**રાખડી બાંધવાનું શુભ મુહૂર્ત**

તહેવારની સાર્થકતા અને શુભતા બનાવી રાખવા માટે શુભ મુહૂર્તમાં રાખડી બાંધવી ઉત્તમ માનવામાં આવે છે. 28 ઓગસ્ટે રાખડી બાંધવા માટે આ સમય અત્યંત શુભ છે.

સર્વશ્રેષ્ઠ મુહૂર્તઃ સવારે 06:23 થી લઈને સવારે 09:48 સુધી

અભિજિત મુહૂર્તઃ બપોરે 12:14 થી લઈને બપોરે 01:05 સુધી

ગોધૂલિ મુહૂર્તઃ સાંજે 06:57 થી લઈને સાંજે 07:19 વાગ્યા સુધી

**આ દિવસે ખંડગ્રાસ-આંશિકચંદ્ર ગ્રહણ છે તેથી ભારતમાં દશ્યમાન નથી તેથી સૂતક કાળ કે અશુભ પ્રભાવ નહી રહે**



# જ્યોતિષ અને તંત્ર

યંત્ર-મંત્ર-તંત્ર
**યજ્ઞેશ ત્રિવેદી**



જ્યારે જન્મપત્રિકામાં ગ્રહ બાધક બને... ત્યારે તંત્ર સાધના તે દિવ્ય શસ્ત્ર બને છે, જે નિયતિને પણ ઝુકાવી દે છે!

જ્યોતિષ અને તંત્ર – બંને ભારતની એક પ્રાચીન વિદ્યાઓમાં આવે છે... જેનું મૂળ દ્રષ્ટિ અને અનુભવ રહ્યો છે.

જ્યોતિષ શાસ્ત્ર એક તરફ ભવિષ્ય તરફ સંકેત આપે છે; તો બીજી તરફ તંત્ર એ સંકેતોને બદલવા, ટાળવા કે નિયંત્રિત કરવાની શક્તિ આપે છે.

એક સાધક જો આ બંને વિદ્યાઓને સમજી લે, તો ફક્ત ગ્રહોના પ્રભાવથી રક્ષણ મેળવે છે એવું નથી પરંતુ તે ગ્રહોને સાધીને તેમને પોતાના કાર્યમાં મદદરૂપ બની શકે છે!

**ગ્રહ: ભાગ્ય કે નડતર?**

જન્મના સમયે આકાશમાં ગ્રહોની સ્થિતિ વ્યક્તિનાં જીવનમાં સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા, ધનહાનિ, લગ્નજીવન, સંતાન સુખ, આરોગ્ય અને મૃત્યુ સુધીની સંભાવનો નક્કી થાય છે. જો કોઈ વ્યક્તિ શનિની સાડા-સાતી, રાહુ-કેતુની દશા-અંતર્દશા, ગ્રહણ દોષ અથવા કાલસર્પ દોષ કે શ્રાપિત દોષથી પીડિત હોય તો... પછી ગમે તેટલો પરિશ્રમ કરો... જીવનમાં અજાણ્યા બાધાઓ/નડતરો આવતા હોય... પરંતુ તંત્ર સાધના ગ્રહોને વશમાં કરવાનો સુગમ માર્ગ બને છે!

**તંત્રમાં ગ્રહ સાધનાનું સ્થાન**

દરેક ગ્રહ એક દૈવીય ઊર્જાનું કેન્દ્ર હોય છે. તેની પાછળ તાંત્રિક શક્તિઓ હોય છે, જેને સિદ્ધ કરવામાં આવે છે. તાંત્રિક ગ્રહ સાધનાઓ સામાન્ય પૂજા-પાઠથી અલગ હોય છે. તેમાં બીજમંત્ર, વિશેષ યંત્ર, ત્રાટક, બ્રહ્મ મુહૂર્ત કે અર્ધ-રાત્રિમાં જપ, તપ, વ્રત તેમ જ વિશિષ્ટ આસનોનો પ્રયોગ હોય છે.

**રાહુ અને કેતુ : તાંત્રિક ગ્રહ**

રાહુ અને કેતુને તાંત્રિક વિદ્યામાં ‘છાયા ગ્રહ’ માનવામાં આવે છે. તેમનો પ્રભાવ અજ્ઞાત ભય, અસમર્થન, ભ્રમ, માનસિક રોગ, ભૂત-પ્રેત નડતર વગેરેમાં હોય છે! તેની શાંતિ માટે વિશેષ તાંત્રિક પ્રયોગ કરવામાં આવે છે, જેમ કે :

- લીંબુ અને લવિંગથી નિષ્કાસન પ્રયોગ.
- રાહુ માટે ‘ૐ ભ્રાં ભ્રીં ભ્રૌં સઃ રાહવે નમઃ’ મંત્રનો રાત્રિકાલીન જપ.
- કેતુ માટે ‘ૐ સ્ત્રાં સ્ત્રીં સ્ત્રૌં સઃ કેતવે નમઃ’ મંત્રનો રાત્રિકાલીન જપ.

**નવ ગ્રહો માટે તાંત્રિક ઉપાય**

- સૂર્ય માટે ‘ૐ હ્રાં હ્રીં હ્રૌં સઃ સૂર્યાય નમઃ’ મંત્રને રુદ્રાક્ષની માળા વડે સૂર્યોદય કાળમાં જપ કરવા જોઈએ.
- ચંદ્રમા માટે ‘ૐ શ્રાં શ્રીં શ્રૌં સઃ ચંદ્રાય નમઃ’ મંત્રને રાત્રિમાં રુદ્રાક્ષ પર પાણી અર્પણ કરીને જપ કરવા જોઈએ.
- મંગળની શાંતિ માટે ‘ૐ ક્રાં ક્રીં ક્રાં સઃ ભૌમાય નમઃ’ મંત્રનો જપ કરવો જોઈએ. સાથે જ લાલ ફૂલ તેમ જ મસૂરની દાળનું પણ દાન કરવું જોઈએ.
- બુધની શાંતિ માટે ‘ૐ બ્રાં બ્રીં બ્રૌં સઃ બુધાય નમઃ’ મંત્રનો જપ કરવો જોઈએ. મંત્ર પત્યા બાદ દૂર્વા ઘાસથી હવન કરવો જોઈએ અને બુધવારનો ઉપવાસ કરવો જોઈએ.
- ગુરુ માટે ‘ૐ ગ્રાં ગ્રીં ગ્રૌં સઃ ગુરવે નમઃ’ મંત્રનો જપ કરવો જોઈએ. સાથે જ હળદર, ચણાની દાળ, પીળાં વસ્ત્રોનું દાન કરવું જોઈએ.
- શુક્રની શાંતિ માટે ‘ૐ દ્રાં દ્રીં દ્રૌં સઃ શુક્રાય નમઃ’ મંત્રના જપ કરવા જોઈએ. મંત્ર જપ કરતા સમયે સફેદ વસ્ત્ર ધારણ કરવાં જોઈએ તેમ જ મંત્ર જપમાં સુગંધિત ફૂલનો પ્રયોગ કરવો જોઈએ.
- શનિની શાંતિ માટે ‘ૐ પ્રાં પ્રીં પ્રૌં સઃ શનૈશ્ચરાય નમઃ’ મંત્રના જપ કરવા જોઈએ. મંત્ર જપ કરતા સમયે સરસવના તેલનો દીવો પ્રગટાવવો. સાથે જ શનિ યંત્રની પૂજા-અર્ચના કરવી.
- રાહુની શાંતિ માટે ‘ૐ ભ્રાં ભ્રીં ભ્રૌં સઃ રાહવે નમઃ’ મંત્રનો જપ વધારે ને વધારે સંખ્યામાં કરવો જોઈએ. મંત્ર જપ દરમિયાન લીંબુ તેમ જ ભૂરાં ફૂલ અર્પણ કરવાં. મંત્ર જપ સંધ્યા અથવા રાત્રિમાં જ કરવા.
- કેતુની શાંતિ માટે ‘ૐ સ્ત્રાં સ્ત્રીં સ્ત્રૌં સઃ કેતવે નમઃ’ મંત્રનો જપ મૃગચર્મ પર બેસીને કરવો.

**તાંત્રિક ગ્રહ સાધનાની વિશેષ વિધિ**

- જાતકની જન્મપત્રિકાનું પરીક્ષણ કરવું કે કુંડળીમાં ક્યા ગ્રહની દશા, મહાદશા અથવા અંતર્દશા ચાલી રહી છે.
- ગ્રહનો તાંત્રિક બીજમંત્ર પસંદ કરવો.
- સાધનાનો દિવસ અને મુહૂર્ત, ગ્રહ-વાર (જેમ કે શનિ માટે શનિવાર), ગ્રહના નક્ષત્રમાં, રાહુ કાળ બહાર જઈને ચાલવું.
- તાંત્રિક સાધના માટે મૃગચર્મ કે દર્ભનાં આસન પર એકાંતમાં ઉત્તર દિશા તરફ મોં રાખીને બેસવું અને જપકર્મ વગેરે માટે રુદ્રાક્ષ કે રત્ન-માળાનો ઉપયોગ કરવો.
- મંત્ર જપની સંખ્યા 108 x 11 = 1,188 દરરોજ થવી જોઈએ. મંત્ર જપ દરમિયાન સંબંધિત યંત્રની પૂજા તેમ જ ધૂપ-દીપ, ફૂલ, નૈવેધ્ય વગેરે અર્પણ કરવું જોઈએ.

**ગ્રહ નડતર નિવારણ માટે તાંત્રિક ટુચકા**

- લીંબુ પર 21 લવિંગ લગાડીને રાહુકાળમાં વહેતા જળમાં પ્રવાહિત કરી દો.
- કાળા ઘોડાની નાળથી બનેલી વીંટી શનિવારે ધારણ કરવી.
- રક્ત ચંદનથી નવગ્રહ યંત્ર બનાવવું અને તેને પ્રાણ-પ્રતિષ્ઠિત કરવું.
- સફેદ કુંબલ (ધાબળા)નું દાન ચંદ્ર દોષ નિવારણ માટે લાભકારક છે.

**જ્યોતિષ ફક્ત સંકેત આપે છે પરંતુ તંત્ર ઉપાય આપે છે... જ્યોતિષ કહે છે કે રાહુ તમને ભ્રમમાં નાંખશે પરંતુ તંત્ર કહે છે - તે જ મંત્રથી તેને વશમાં કરો! જો જ્યોતિષ અને તંત્ર - એકસાથે ચાલે તો વ્યક્તિ પોતાનું ભાગ્ય બદલી શકે છે!**

જ્યોતિષ ફક્ત સંકેત આપે છે પરંતુ તંત્ર ઉપાય આપે છે.

જ્યોતિષ કહે છે કે, રાહુ તમને ભ્રમમાં નાંખશે પરંતુ તંત્ર કહે છે - તે મંત્રથી તેને વશમાં કરો. જો કોઈની જન્મપત્રિકામાં શુભ યોગ હોય, પરંતુ તે સાધક તંત્રથી પરિચિત ના હોય... તો તે ફક્ત ફળની પ્રતીક્ષા કરે છે. પરંતુ તાંત્રિક સાધક - ગ્રહોને જાગ્રત ઊર્જા માનીને તેને સાધે છે. તે નિર્માતા બને છે, ભોગી નહીં. જો જ્યોતિષ અને તંત્ર એક સાથે ચાલે, તો વ્યક્તિ ફક્ત પોતાનું ભાગ્ય બદલી શકે છે!

# લગ્ન ના થતું હોય તો ગૌરી-શંકર રુદ્રાક્ષ ધારણ કરો: લગ્ન થઈ જશે

સમસ્યા અને સમાધાન
**વાય.જે.ટી.**

**શાસ્ત્રોમાં કહેવાયું છે કે, જે વ્યક્તિ આ રુદ્રાક્ષ ધારણ કરે છે – તેના પર ભગવાન શિવ અને પાર્વતીની કૃપા આપોઆપ થઈ જાય છે... આ રુદ્રાક્ષમાં બે રુદ્રાક્ષોની શક્તિનો સમાવેશ થયેલો હોય છે!**



‘ગૌરી-શંકર રુદ્રાક્ષ’ કુદરતી રીતે જોડાયેલા બે રુદ્રાક્ષના રૂપમાં જોવા મળે છે.

તેમાં એક રુદ્રાક્ષ ‘ભગવાન શિવ’નો તથા બીજો ‘માતા પાર્વતી’નું પ્રતીક છે.

ભગવાન શિવ તેમ જ પાર્વતીનું દામ્પત્ય જીવન અટૂટ તેમ જ જન્મજન્માંતરનું છે.

આ રુદ્રાક્ષનો પ્રભાવ પણ આ પ્રકારનો છે. તેને ધારણ કરનાર વ્યક્તિ પર ભગવાન શિવ તેમ જ મા પાર્વતીની સંયુક્ત કૃપા થાય છે.

આ જ કારણે જેનું લગ્ન ના થતું હોય, તો લગ્ન શીઘ્ર થવાની સંભાવના વધી જાય છે... અને જો દામ્પત્ય જીવનમાં તણાવ ચાલતો હોય - તો તેમાં પણ આ રુદ્રાક્ષ ધારણ કરવાથી તે તણાવમાં પણ રાહત મળીને સંબંધોમાં મધુરતા આવે છે.

ભારતીય ધર્મ ગ્રંથોમાં ભગવાન શિવ તેમ જ પાર્વતીની ઉપાસના ‘શીઘ્ર વિવાહ’ માટે અસરકારક માનવામાં આવી છે. આ સિવાય યોગ્ય વર-વધૂની પ્રાપ્તિ માટે પણ તેમની ઉપાસના કરવામાં આવે છે. રામાયણમાં ઉલ્લેખ છે કે, ભગવાન રામને વરના રૂપે પ્રાપ્ત કરવા માટે સીતાજીને મા ગૌરીની ઉપાસના કરી હતી. અને તેમની કૃપાથી જ તેમને રામ પતિના રૂપમાં પ્રાપ્ત થયા હતા.

આજે પણ વિવાહ-યોગ્ય કન્યાને સારો વર તેમ જ શીઘ્ર વિવાહ માટે 16 સોમવારનું વ્રત તથા શિવ તેમ જ પાર્વતીની ઉપાસના કરવાનું કહેવામાં આવે છે. આ પણ શિવ તેમ જ પાર્વતીની કૃપા પ્રાપ્તિનો એક પ્રયાસ છે. તેની જગ્યાએ ગૌરી-શંકર રુદ્રાક્ષ પણ શિવ તેમ જ પાર્વતીની કૃપા પ્રાપ્તિ-નો અપેક્ષાકૃત રૂપે વધારે શીઘ્ર તેમ જ પ્રભાવશાળી ઉપાય છે. તેનું કારણ એ છે કે રુદ્રાક્ષ સ્વયં ભગવાન શિવનાં અશ્રુઓથી જ ઉત્પન્ન થયો છે.

શાસ્ત્રોમાં કહેવાયું છે કે જે વ્યક્તિ રુદ્રાક્ષ ધારણ કરે છે – તેના પર ભગવાન શિવની કૃપા આપોઆપ જ થઈ જાય છે. ગૌરી-શંકર રુદ્રાક્ષની સાથે પણ એવું જ છે. અન્ય રુદ્રાક્ષો કરતાં તે વધારે તીવ્ર ગતિથી કાર્ય કરે છે. તેનું કારણ એ છે કે, આ રુદ્રાક્ષમાં બે રુદ્રાક્ષોની શક્તિનો સમાવેશ થયેલો હોય છે.

જ્યોતિષની દ્રષ્ટિએ જોઈએ તો લગ્નમાં વિલંબ અથવા લગ્ન-જીવનમાં તણાવ – વિભિન્ન ગ્રહોનું કારણ હોય છે. જો જન્મપત્રિકામાં સપ્તમેશ નબળો હોય, અથવા છઠ્ઠા, આઠમા કે બારમા ભાવમાં બેઠેલો હોય અથવા પોતાના સ્થાનથી આઠમા એટલે કે લગ્નથી બીજા ભાવમાં બેઠો હોય; પાપ ગ્રહોથી જોડાયેલો હોય, વક્રી હોય અથવા અસ્તનો હોય -

તો લગ્નમાં વિલંબ થાય છે અને લગ્નજીવન-ના સુખની પણ અપેક્ષા મુજબ મળતી નથી! તેની સાથે જ સાતમા ભાવમાં જો પાપ ગ્રહ બેઠેલો હોય, કે ગુરુ કે શુક્ર બેઠેલો હોય - તોપણ લગ્ન-સુખ અપેક્ષા મુજબનું પ્રાપ્ત થતું નથી.

- આવી સ્થિતિમાં સંબંધિત ગ્રહનું ગૌરી-શંકર રુદ્રાક્ષ ધારણ કરવું ઉપયોગી છે.
- જો ‘સૂર્ય’ – લગ્નમાં અથવા લગ્ન સુખમાં નડતર રૂપ હોય તો ‘બારમુખી ગૌરી-શંકર રુદ્રાક્ષ’ ધારણ કરવો જોઈએ.
- જો ‘મંગળ’ ના કારણે લગ્નમાં વિલંબ થતો હોય અથવા લગ્ન-જીવનમાં તણાવ થતો હોય તો ‘અગિયારમુખી ગૌરી-શંકર રુદ્રાક્ષ’ ધારણ કરવો જોઈએ.
- જો લગ્નમાં વિલંબનો કારક ‘ગુરુ’ હોય, અથવા તેના કારણે દામ્પત્ય જીવનમાં કલેશ થતો હોય તો – ‘દસમુખી ગૌરી-શંકર રુદ્રાક્ષ’ ધારણ કરવો જોઈએ.
- જો ઉપરોક્ત સમસ્યાઓનો કારક ‘શુક્ર’ હોય તો તે સ્થિતિમાં ‘તેરમુખી ગૌરી-શંકર રુદ્રાક્ષ’ લાભદાયક રહે છે.
- જો ‘શનિ’ ના કારણે લગ્ન વિલંબ થતું હોય તો અથવા દામ્પત્ય જીવનમાં કડવાશ આવતી હોય તો ‘સાતમુખી’ કે ‘ચૌદમુખી’ ગૌરી-શંકર રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.
- જો ઉપરોક્ત સમસ્યાઓનું કારણ ‘રાહુ’ છે, તો તે સ્થિતિમાં ‘આઠમુખી ગૌરી-શંકર રુદ્રાક્ષ’ ધારણ કરવો જોઈએ.
- જો ‘કેતુ’ ના કારણે આ સમસ્યા ઊભી થઈ હોય તો તેના નિવારણ માટે ‘નવમુખી ગૌરી-શંકર રુદ્રાક્ષ’ અસરકારક હોય છે.

– આ રુદ્રાક્ષ લગ્ન જીવનની સમસ્યાઓને દૂર કરવામાં ચમત્કારિક પ્રભાવો માટે જાણીતો છે. જો લગ્નમાં વિલંબ થઈ રહ્યો હોય... તો આ રુદ્રાક્ષ ધારણ કરવાથી શીઘ્ર વિવાહ થતો હોય એવા મળે છે. 80 ટકા કેસોમાં બે થી છ મહિનાની અંદર જ લગ્ન અથવા લગ્ન-સંબંધ થતો જોવા મળ્યો છે.

શીઘ્ર વિવાહ સિવાય ગૌરી-શંકર રુદ્રાક્ષ લગ્નજીવનની વિભિન્ન સમસ્યાઓને દૂર કરવા જાણીતો છે. અંદરોઅંદર સામંજસ્યની કમી કે વિચારોમાં મત-ભિન્નતાને કારણે દામ્પત્ય જીવનમાં તણાવ થતો હોય... તો ગૌરી-શંકર રુદ્રાક્ષ ધારણ કરવાથી અનુકૂળતા આવે છે તથા લગ્ન-જીવન સુખમય બને છે. લગ્ન-જીવનની સમસ્યાઓને દૂર કરવા માટે સ્ત્રી અને પુરુષ – બંનેએ આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.

**રુદ્રાક્ષની ધારણ વિધિ**

કોઈ પણ છોકરા કે છોકરીએ પૂર્વ દિશા તરફ જોઈને આ રુદ્રાક્ષને નિમ્નલિખિત મંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં ગળામાં ધારણ કરી લેવું જોઈએ.

**મંત્ર: ‘ૐ ગૌરીશંકરાભ્યાં નમઃ’**

જ્યારે પરણિત સ્ત્રી કે પુરુષે લગ્નજીવન મધ જેવું મધુર બનાવવા માટે પણ ગૌરી-શંકર રુદ્રાક્ષ ઉપરોક્ત વિધિથી જ ધારણ કરવો. આ રુદ્રાક્ષનું પરિણામ અદ્ભુત... ચોક્કસ અને સચોટ મળે છે. તેથી કોઈ પણ સંશય કે વિચાર કર્યા વગર ‘શ્રદ્ધા’ અને ‘વિશ્વાસપૂર્વક’ ધારણ કરશો તો ચોક્કસ પરિણામ તમોને જોવા મળશે.

# એકમુખી રુદ્રાક્ષ ધારણ કરવાથી શિવત્વની પ્રાપ્તિ થાય છે!

જડીબુટ્ટી
**નજુમી**

**એકમુખી કાજુ દાણો નહી, પરંતુ નેપાળનો ગોળ દાણો જ શિવ-સ્વરૂપ છે, બાકીના કાજુ આકાર કે અન્યમાં કોઈ શિવ કે બ્રહ્મ સ્વરૂપ નથી હોતું! સિદ્ધ એકમુખી નેપાળી ગોળ દાણો સાચો ધારણ કરવાથી સાચુ ફળ જોવા મળે છે.. બાકીના એકમુખી દાણા ખોટા ભ્રમનો સંતોષ!**



એક મુખી રુદ્રાક્ષને જે ધારણ કરે છે તેને જીવનમાં કોઈ પણ વસ્તુનો અભાવ રહેતો નથી.

તેને ધારણ કરવાથી ચિત્તમાં પ્રસન્નતા, અક્ષય લક્ષ્મીની કૃપા, રોગ મુક્તિ, વ્યક્તિત્વમાં નિખાર, શત્રુ પર વિજય તથા મનોવાંછિત ઈચ્છાઓ પૂર્ણ થાય છે.

તે સાક્ષાત શિવનું પ્રતીક છે.

તેનો પ્રતિનિધિ ગ્રહ લાલિમાં યુક્ત ઊગતા સૂર્ય છે.

એક મુખી રુદ્રાક્ષ ધારણ કરવાથી ગમે તેવો દમ તથા ટીબીની બીમારીઓનું શમન કરે છે. આ સિવાય આંખોની અનેક બીમારીઓ, માથાનો દુઃખાવો તથા લિવરના રોગોમાં અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

કોઈ પણ રુદ્રાક્ષ અથવા તેની માળા ધારણ કરતાં પહેલાં તેની વિનિયોગ, ન્યાસ, કર ન્યાસ, અંગ ન્યાસ તથા ધ્યાન વગેરેથી ધારણ કરવાનું પૂરું વિધાન કરવું જ ઉત્તમ છે. એક મુખી રુદ્રાક્ષ ધારણ કરતાં પહેલાં પ્રાણ પ્રતિષ્ઠિત તેમ જ પૂર્ણ પૂજન કરવું જોઈએ. એક મુખી રુદ્રાક્ષ માટે ‘ઓમ હ્રી નમઃ’ મંત્રનો જપ કરવો જોઈએ. આ મંત્રની ઓછામાં ઓછી 21 માળા મંત્ર જાપ કરતાં જ રુદ્રાક્ષને ધારણ કરવો જોઈએ. મંત્ર જાપ પહેલા ભગવાન શિવનું ધ્યાન કરવું જોઈએ. ધ્યાન કર્તા બાદ મંત્ર જાપ કરવો જોઈએ. મંત્રોચ્ચારણમાં વિશેષ ધ્યાન રાખવું. જ્યાં સુધી ઉચ્ચારણથી નાડી તથા ચક્રોમાં કંપન્ન થતું નથી. ત્યાં સુધી શરીર આવેશિત થતું નથી અને કાર્ય સિદ્ધ થવામાં સંશય રહે છે. એટલે રુદ્રાક્ષ હંમેશા પ્રતિષ્ઠિત સ્થાન પરથી જ ખરીદવો જોઈએ. જો રુદ્રાક્ષ પહેલાંથી જ પ્રાણ-પ્રતિષ્ઠિત તેમ જ સિદ્ધ કરેલો પ્રાપ્ત થઈ જાય તો જ ઉત્તમ રહે છે... કારણકે દરેક વ્યક્તિ પંડિતોની જેમ મંત્રો તેમ જ શ્લોકોનું બરાબર ઉચ્ચારણ કરી શકતો નથી!

x x x

શાસ્ત્રોમાં એક મુખી રુદ્રાક્ષને સાક્ષાત શિવ સ્વરૂપ માનવામાં આવે છે તેને ધારણ કરવાથી બ્રહ્મ હત્યા જેવું પાપ દૂર થઈ જાય છે. આ રુદ્રાક્ષ અટૂટ લક્ષ્મી અપાવે છે. જ્યોતિષ દૃષ્ટિકોણથી આ રુદ્રાક્ષ ધારણ કરવાથી સૂર્ય જનિત દોષોનું નિવારણ થઈ જાય છે. જન્મ કુંડળીમાં સૂર્ય પ્રતિકૂળ બનીને વિભિન્ન રોગોને જન્મ આપે છે જેમ કે નેત્ર સંબંધી રોગ, માથાનું દર્દ, હાર્ટ એટેક, હાડકાંના રોગો, પેટ સંબંધિત રોગ, સરકાર તથા ઉચ્ચ અધિકારીઓનો વિરોધ વગેરે આ બધાંના નિવારણ માટે એક મુખી રુદ્રાક્ષનો પ્રયોગ કરવો જોઈએ. એક મુખી રુદ્રાક્ષને ધારણ કરવાથી માણેક રત્નથી પણ કેટલાંયે ગણો વધારે લાભ ઉઠાવી શકાય છે.

એક મુખી રુદ્રાક્ષ સાક્ષાત શિવ તેમ જ બ્રહ્મસ્વરૂપ છે. જ્યાં આ રુદ્રાક્ષ રહે છે ત્યાં લક્ષ્મી સ્થિર રહે છે એક મુખી શક્તિ અને યશ આપનાર માનવામાં આવે છે.

એક મુખી રુદ્રાક્ષ શંકરજીનું વિગ્રહ માનવામાં આવે છે તેને ધારણ કરવાથી હૃદયમાં પરમતત્વનું જ્ઞાન થાય છે. રુદ્રાક્ષની આધ્યાત્મિક ઊર્જા પરેશાનીઓને દૂર કરે છે. એક મુખી રુદ્રાક્ષ ધારણ કરવાથી શિવત્વની પ્રાપ્તિ થાય છે. તે સિદ્ધ કરેલો હોય તો જ સાચો લાભ મળે છે!

**તમારી રાશિ અને એક મુખી રુદ્રાક્ષ**

એક મુખી રુદ્રાક્ષને શિવ સ્વરૂપ તથા પરમ તત્વ પ્રકાશક માનવામાં આવે છે. તેને કર્ક, સિંહ, મેષ રાશિવાળાઓ માટે માળાના રૂપમાં ધારણ કરવું યોગ્ય ગણાવ્યું છે.

**તમારું કરિયર અને રુદ્રાક્ષ**

જો તમે કેરિયરમાં વધારે સફળતા પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય તો કેરિયરની પ્રકૃતિના અનુરૂપ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ:

નેતા, મંત્રી, ધારાસભ્ય, સંસદ સભ્ય... ઉચ્ચ અધિકારીઓ માટે... દવા વિક્રેતા માટે, પ્રોપર્ટી ડીલર માટે, હોટલ માલિક માટે, જીવનમાં ઉચ્ચ સફળતા માટે ‘એક મુખી રુદ્રાક્ષ’ જ ઘણી સફળતા આપે છે.

**એક મુખી રુદ્રાક્ષના પ્રયોગ**

1. જો કોઈ પત્ની પોતાના પતિની સાથે વાત વાત પર વાદ-વિવાદ કરતી હોય.. કલેશ કરતી હોય... તો તે પત્નીના પલ્લુમાં સ્વાતિ નક્ષત્રમાં આવનારા મંગળવારે એક મુખી રુદ્રાક્ષને બાંધી દેવાથી તે પત્ની-પતિને સન્માન અને આદર આપનારી બની જાય છે તે પોતાના પતિને વધારે પ્રેમ કરવા લાગે છે.
2. શાસ્ત્રોમાં વર્ણિત છે કે, માસિક બાદ સ્ત્રી સ્નાન કર્યા બાદ જો પ્રાણ-પ્રતિષ્ઠિત તેમ જ સિદ્ધ એક મુખી રુદ્રાક્ષ પોતાની કમર પર બાંધી લે, તો તે ગર્ભવતી થઈ જાય છે. પરંતુ ધ્યાન એ રાખું કે, રમણનાં સમય દરમિયાન રુદ્રાક્ષ ખોલી નાખવો જોઈએ.
3. એક મુખી રુદ્રાક્ષ- એક નંગ, કાળો કે લાલ રંગનો હકીક એક નંગ, સવા પાંચસો સૂતરનું કપડું, નવ આખા કાળા મરી- આ બધાને એક સાથે બાંધીને હૃદયના દર્દીના ઓશિકા નીચે મૂકી દો. એક અઠવાડિયા બાદ એકમુખી સિવાય બધી વસ્તુઓને કાઢી નાંખવી. અને બાકીની વસ્તુઓને મંગળવારના દિવસે કોઈ વહેતી નદીમાં પ્રવાહિત કરી દો. હૃદયના બધા પ્રકારના વિકારોમાં ઉપરોક્ત પ્રયોગ લાભદાયક છે.